# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૦૫ /૨૦૧૭, તા. ૦૯/૦૨/૨૦૧૭

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં તા.૧૧/૦૨/૨૦૧૭ ના રોજ અમદાવાદ જિલ્લા રોજગાર કચેરી દ્વારા યોજાનાર મેગાજોબફેરનાં કાર્યક્રમ અનુસંધાને ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ કરવા/ડાયવર્ઝન કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં તા.૧૧/૦૨/૨૦૧૭ ના રોજ દાદા સાહેબનાં પગલા ચાર રસ્તાથી એ.જી.ચોકી સુધી અમદાવાદ જિલ્લા રોજગાર કચેરી દ્વારા મેગાજોબફેરનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે અને તેમાં મોટી સંખ્યામાં ઉદ્યોગપતિશ્રીઓ અને રોજગારી ઇચ્છુક યુવાનો ઉપસ્થિત રહેનાર હોઇ જેથી ટ્રાફીક વ્યવસ્થા અને કાયદો અને વ્યવસ્થાની જાળવણીનાં હેતુસર તા.૧૧/૦૨/૨૦૧૭ ના રોજ કલાક ૦૮.૦૦ થી ૧૯.૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન દાદાસાહેબનાં પગલાં ચાર રસ્તાથી એ.જી.ચોકી સુધીનો માર્ગ તમામ પ્રકારનાં વાહનોની અવર-જવર માટે બંધ કરવામાં આવે છે.

**બંધ રહેવાનો માર્ગ : દાદા સાહેબનાં પગલા ચાર રસ્તાથી એ.જી.ચોકી સુધીનો માર્ગ.**

**વૈકલ્પિક માર્ગો :**

૧) સેન્ટ ઝેવિયર્સ કોલેજથી એલ.ડી. કોલેજ થઇ દાદા સાહેબનાં પગલા થઇ વિજય ચાર રસ્તા તરફ આવ-જા કરી શકાશે.

૨) કોમર્સ સર્કલ થી એ.જી.ચોકી થઇ સેન્ટ ઝેવિયર્સ કોલેજ તરફ આવ-જા કરી શકાશે.

૩) વિજય ચાર રસ્તાથી કોમર્સ સર્કલ તરફ આવ-જા કરી શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૧૧/૦૨/૨૦૧૭ ના રોજ કલાક ૦૮.૦૦ થી ૧૯.૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૯/૦૨/૨૦૧૭ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૦૯/૦૨/૨૦૧૭
અમદાવાદ શહેર

**( એ.કે.સિંઘ )**
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા